# ગાંધીનગરમાં ટેકનોફેસ્ટ યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં કાર્યરત હિલવૂડ સ્કૂલ ખાતે દર વર્ષની જેમ આ વખતે પણ ટેકનોફેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતુ. વિભિન્ન ચાર વિભાગોમાં યોજાયેલા આ ટેકનોફેસ્ટમાં નાટક, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન અને વિજ્ઞાન વિષયક કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

શહેરની સ્વામિનારાયણ સ્કૂલ, માઉન્ટ કાર્મેલ સ્કૂલ અને હિલવૂડ સ્કૂલ ઉપરાંત અમદાવાદની સાકાર ઈંગ્લિશ મિડીયમ સ્કૂલ તથા એરપોર્ટ સ્કૂલના વિદ્યાર્થીઓએ આ ટેકનોફેસ્ટમાં ભાગ લઈ ટેકનોલોજી અને વિજ્ઞાન વિષયક સુંદર કૃતિઓનું પ્રદર્શન કર્યું હતું.

(તસવીરો : કુંતલ નિમાવત)

# આવતીકાલે પાણી પુરવઠો બંધ રહેશે

## નભોઈ હેડ વર્ક્સ ખાતે યાંત્રિક વિભાગની કામગીરી ૩૧મી જુલાઈએ હાથ ધરાશે આથી ૧લી ઓગષ્ટે પાણી નહી આવે

ગાંધીનગર, તા. ૩૦

એક દિવસ ગૃહિણીઓને પાણી વિના હાલાકી ભોગવવી પડી શકે છે. યાંત્રિક વિભાગની રીપેરીંગની કામગીરી હોઈ ૧લી ઓગષ્ટને ગુરૂવારે સેક્ટર-૧ થી ૩૦માં પાણી નહીં આવે.

ગાંધીનગરમાં સામાન્ય રીતે પાણીની તકલીફ પડતી નથી. સેક્ટર- ૧ થી ૩૦માં નિયમિત પાણી પુરવઠો પહોંચાડવામાં આવે છે. યાંત્રિક અથવા ઈલેકટ્રીકલ ખામી સર્જાય અથવા રીપેરીંગની કામગીરી હોય ત્યારે જ પાણી પુરવઠો બંધ રહે છે. પાટનગર યોજના વિભાગ-ઉના કાર્યપાલક ઈજનેરે એક યાદીમાં જણાવ્યું છે કે ગાંધીનગર શહેરને ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા પુરા પડાતા પાણી પુરવઠા યોજના એન.સી. ૧૪ હેઠળ નભોઈ હેડ વર્કસ ખાતે યાંત્રિક વિભાગની રીપેરીંગ કામગીરી તા. ૩૧મી જુલાઈના રોજ કરવામાં આવશે. આથી તા. ૧લી ઓગષ્ટને ગુરૂવારના રોજ ગાંધીનગર શહેરને અપાતો પાણી પુરવઠો બંધ રહેશે. વસાહતીઓને વધારાનુ પાણી ભરી લેવા જણાવાયું છે. તા. ૨જી ઓગષ્ટ રાબેતા મુજબ પાણી પુરવઠો ચાલુ કરી દેવાશે.

# સે. ૨૦ અને ૩૦માં આવાસોના રીનોવેશન માટે સવા કરોડ ખર્ચાશે

## સે. ૯માં પણ આવાસોનું રીપેરીંગ થશે

ગાંધીનગર, તા. ૩૦

શહેરમાં સ્થિત સરકારી આવાસો પૈકી અમુક બ્લોકમાં રીનોવેશનનું કામ ટુંકમાં હાથ ધરાશે. સે. ૨૦, ૩૦ અને સે. ૯માં સ્થિત વિવિધ કક્ષાના આવાસોને નવા રૂપરંગ આપવા રૂ. ૧.૨૫ કરોડનાં ખર્ચે કરવામાં આવશે.

શહેરમાં આવાસ મજબુતીકરણની યોજના અન્વયે હજુ માડં ૪૦ ટકા કામગીરી થઈ હોવાનો અંદાજ છે. અલબત્ત નગરમાં વિવિધ સેક્ટરોમાં અસ્તિત્વ ધરાવતા જુદી જુદી કક્ષાના ૧૬ હજારથી વધુ આવાસો પૈકી મોટાભાગના ખંડેર હાલતમાં છે. દાયકાઓ જૂના આવાસો રહીશો માટે સમસ્યારૂપ પણ બન્યા છે. જ્યારે આવાસ સંબંધિત નાની-મોટી ફરિયાદોનું પણ નિરાકરણ ન આવતા વસાહતીઓએ ઘણીવાર મુંઝવણમાં મુકાવવાનો વારો આવે છે. બીજી તરફ સેક્ટરોમાં આવાસ મજબૂતીકરણની કામગીરી સંદર્ભે વિભાગ કક્ષાએ રજૂ થયેલી દરખાસ્તને હજુ મંજુરી આપવામાં આવી નથી. જ્યારે સેક્ટરોમાં સ્થિત અમુક બ્લોકના રીનોવેશન માટે રૂ. ૧.૨૫ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. સે. ૨૦, ૩૦ અને સે. ૯માં સ્થિત ગ, ગ-૧, ખ, ઘ અને જ કક્ષાના મકાનોનું રીનોવેશન હાથ ધરવામાં આવશે. આ આવાસોમાં બારી-દરવાજા, કીચન પ્લેટફોર્મ તેમજ પ્લાસ્ટરનું કામ હાથ ધરાશે. આ કામગીરી સંદર્ભે ટેન્ડરપ્રક્રિયા પણ પૂર્ણ થતા ટુંકમાં હવે મકાન રીનોવેશનનું કામ શરૂ કરાશે.

# સે-૪-સી માં રસ્તાનું બાકી કામ પૂર્ણ કરવા ૩૬ લાખ ખર્ચાશે

## અગાઉ સ્થાનિક રહીશોએ પણ તંત્રને રજૂઆત કરી હતી

ગાંધીનગર, તા.૩૦

શહેરના નવ વિકસિત વિસ્તારમાં સ્થિત સે-૪માં માર્ગ નિર્માણની બાકી કામગીરી પૂર્ણ કરવામાં આવશે. સે-૪-સીમાં શોપિંગ વિસ્તાર સામે રસ્તાનું કામ હાથ ધરવા રૂ. ૩૬ લાખનો ખર્ચ કરવામાં આવશે. આ મામલે અગાઉ સ્થાનિક રહીશો દ્વારા પણ તંત્ર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

નવા સેકટરોમાં નિયત સમયગાળાના અંતે ગત ઉનાળા દરમિયાન માર્ગ નવીનીકરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સે-૧ થી ૫માં સેકટરોના આંતરીક માર્ગોને ચકાચક બનાવવા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે જયારે જૂના સેકટરોમાં હજુ પણ માર્ગ નવીનીકરણનું કામ બાકી છે. આમ મરામત હેઠળ સેકટરોના આંતરિક માર્ગોના કામને મંજુરી ન અપાતા સેકટરવાસીઓને હાલાકી ભોગવવી પડે છે. બીજી તરફ નવા સેકટરોમાં સે-૪-સીના એક ભાગમાં રસ્તાનું કામ બાકી રહી ગયું હોવાથી સેકટરના રહીશોમાં પણ આ ભાગમાં રસ્તો નિર્માણ કરવાની પ્રબળ માંગ ઉઠવા પામી હતી. આ મામલે અગાઉ પણ તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને તંત્ર દ્વારા સે-૪-માં રસ્તાની બાકી કામગીરી પૂર્ણ કરવા આયોજન કરી દેવાયું છે. ૭૦૦ મીટરના ભાગમાં માર્ગનું કામ હાથ ધરવા ટેન્ડર પ્રકીયા પણ પૂર્ણ કરી દેવાઈ છે. આ કામગીરી પાછળ રૂ. ૩૬ લાખનો ખર્ચ થશે વરસાદી દિવસોના અંતે કામગીરી હાથ ધરાશે.

## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સિનિયર તબીબ ડૉ. હસમુખ નાયક ૩૫ વર્ષ ૧૦ માસની નોકરીને અંતે આજે નિવૃત્ત થઈ રહ્યા છે.
- જિલ્લા પંચાયતની વિકાસલક્ષી યોજનાઓની સમીક્ષા માટે જિલ્લા પ્રમુખે ૧લી ઓગષ્ટે બેઠક બોલાવી છે.
- જાણીતા સાહિત્યકાર કેશુભાઈ દેસાઈની ગુજરાતી નવલકથા "હોળાષ્ટક"નું મરાઠી ભાષામાં અનુવાદ પ્રસિદ્ધ થયો છે.
- રાજ્યના સ્વ. મુખ્યમંત્રી શ્રી અમરસિંહ ચૌધરીનો આજે જન્મદિવસ છે.
- ગરીબ કલ્યાણ મેળાઓના આયોજનને લઈ પંચાયત સચિવે વિડીયો કોન્ફરન્સ યોજી હતી.
- તાલિમમાં ગયેલા અધિક નિવાસી કલેક્ટર શ્રી ડૉ. મોડિયા આજે પુનઃ પોતાની ફરજ પર હાજર થશે.
- પાટનગર યોજનાની કચેરીઓને કોર્પોરેટ લુક અપાયો પણ જુનુ ફર્નિચર હજુ લોબીઓમાં જ અટવાઈ પડ્યુ છે.
- ચિલોડા સર્કલ સાથે આજે નરોડાથી આવી રહેલી એક ટ્રક અથડાતાં ટ્રાફિકમાં ભારે અડચણો ઉભી થઈ હતી.
- ઈન્ફીસિટી સુપર મોલ પાર્કિંગ માટે ભોયરું ખોલી દેવાતા વેપારીઓ અને ગ્રાહકોમાં આનંદની લાગણી પ્રસરી હતી.
- આજકાલ સેક્ટર-૮માં સાપ નીકળવાના બનાવો વધતા જાય છે.
- પાલજ - શાહપુર ખાતે આઈ.આઈ.ટી.-ા નિર્માણનું કામ પૂરજોશમાં આરંભાયું છે.

# હજુ ભારે વરસાદના સંજોગો

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતમાં હજુ ભારે વરસાદના સંજોગો છે. આગામી બે-ત્રણ દિવસમાં જ ગુજરાતના ઘણા ભાગોમાં ભારે વરસાદ પડશે.

જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે છેલ્લા ઘણા દિવસથી રાજ્યભરમાં વરસાદી વાતાવરણ રહે છે અને વાદળછાયુ વાતાવરણ રહેવાથી તેની અસર જનસમુદાય ઉપર પડી રહેલ છે. વિષમ હવામાનની વિપરીત અસરના કારણે ઉભા કૃષી પાકોમાં રોગ આવે તે પણ સ્વભાવિક છે. એકબાજુ વરાપ થતી નથી અને ઉઘાડ નીકળતો નથી તો વળી હજુ પણ ચોમાસુ વરસાદનો સંચાર શમતો નથી. આથી ખેડૂતો ચિંતિત બન્યા છે. રાજ્યના ઘણા ભાગોમાં ભારે વરસાદ થવામાં છે. જ્યારે રાજ્યના ઘણા ભાગો એવા છે કે જ્યાં જળાશયોમાં ચોમાસુ મોસમમાં પણ પાણીની નોંધપાત્ર આવક થવામાં નથી. વહેતી ઘણી નદીઓ જો તેનું વહેણ બંને કાંઠેથી ચોમાસુ મોસમ દરમ્યાન કરે તો કુવા અથવા ટ્યુબવેલનું પાણી શીયાળુ મોસમમાં સચવાઈ રહેતા શિયાળુ સિંચાઈની સુવિધા રહે. આજે ગ્રહ તેમજ અન્ય દૃષ્ટિએ જોતાં વિશ્વના ઘણા ભાગોમાં કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે ભારતની વિશિષ્ટ ભૂ-ભૌગોલિક સ્થિતિ હોવાથી ચોમાસા દરમ્યાન ભારતમાં વધતી ગરમીને અટકાવે છે. હવાના દબાણના વિજ્ઞાનને જોતા તેમજ ભૂ ભૌગોલિક સ્થિતિ જોતા અને ગ્રહ સંજોગો જોતા દેશના મધ્યભાગમાં હવાનુ દબાણ થતાં બંગાળના ઉપસાગરનું વહન સક્રિય થાય.

આથી મધ્યભાગના હવાના દબાણના લીધે સક્રિય થયેલુ બંગાળાના ઉપસાગરનું વહન આગામી થોડાક જ દિવસોમાં ગુજરાત સૌરાષ્ટ્રમાં પુનઃ વધુ વરસાદ લાવી શકે. આથી હમણાં તેમજ તા. ૩ ઓગષ્ટથી પણ સૂર્ય નક્ષત્ર બદલાતા આશ્લેષા નક્ષત્રમાં સૂર્ય આવતા રાજ્યના ઘણા ભાગોમાં ભારે વરસાદના સંજોગો રહે. આજ જુલાઈ તા. ૩૦ દરમ્યાન ચંદ્ર ગાઢ વાદળોમાં રહેતા આગામી બે દિવસોમાં જ વરસાદી વાતાવરણ જોવા મળે. વરસાદી વહનનો અભ્યાસ કરતા તા. ૨ ઓગષ્ટ સુધી આહવા, ડાંગ, મહારાષ્ટ્રનો ભાગ, સાપુતારા વિસ્તાર, દક્ષિણ ગુજરાત, વલસાડ, નવસારી, બારડોલી, સુરત સહિતના ભાગોમાં ભારે વરસાદી વહન આવી શકે. જ્યારે ઓગષ્ટ તા. ૩ થી ૮ દરમ્યાન ઉત્તર ગુજરાતના ભાગો, સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ, સિદ્ધપુર પંથક, મહેસાણાના ભાગો, સુંવાળ પંથક, ખાખરીયાનો ભાગ, વઢીયાર, મધ્ય ગુજરાતનો ભાગ, ચરોતરનો ભાગ તેમજ વરસાદી વહનનો એક ફાંટો સુરેન્દ્રનગર, ગીરનો ભાગ, મધ્ય સૌરાષ્ટ્ર, બરડાનો ડુંગર વિસ્તાર વરસાદ લાવે. પશ્ચિમ પૂર્વિય રાજસ્થાન અને કચ્છમાં પણ વરસાદ આવે. હિંદ મહાસાગરનું વહન પણ સક્રિય થતા ભાવનગર, અમરેલી અને સૌરાષ્ટ્રના ઘણા ભાગોમાં વરસાદ આવે. હજુ પણ ભારે વરસાદના સંજોગો બંધોમાં તેમજ જળાશયોમાં પાણીની આવક કરે. સાબરમતી વિસ્તારમાં પણ પાણી આવે. આશ્લેષા નક્ષત્રનું પાણી જોરાવર હોય છે. જેનો ભેજ ટકી રહેતા ભાલ વિસ્તારમાં શિયાળુ ઘઉંના વાવેતરમાં અનુકૂળતા કરે છે. આશ્લેષા નક્ષત્રનું પાણી સારૂ ન ગણાતા ખેતર લીલુ હોય ત્યારે આંતર ખેડ કરવી સારી નહી. બરાબર વરાપ યે ખેડ કરવી સારી. લીલા પડવાશ વગેરેના ખાતર માટે આ નક્ષત્રનો વરસાદ સારો. આ આગાહી ખાસ કરીને કૃષિલક્ષી છે. ઉત્પાત સંબંધી નથી.

ગાંધીનગર શહેરમાં સેક્ટર-૨૮ જીઆઈડીસી વિસ્તારમાં ગમે ત્યાં ફેંકવામાં આવેલા પ્લાસ્ટીક વેસ્ટમાંથી ગાયો ખોરાક શોધવાનો પ્રયત્ન કરી રહી છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# આર.ટી.ઓ. કચેરીમાં આખરે લાયસન્સ આપવાનું શરુ કરાયું

ગાંધીનગર, તા.૩૦

આર.ટી.ઓ. કચેરીમાં એજન્સી મારફતે પ્લાસ્ટીક કાર્ડસ સપ્લાય થતાં આખરે લાયસન્સ ઈશ્યુ કરવાની કામગીરી શરુ કરી દેવાઈ છે. અગાઉ કાર્ડના અભાવે સાડા ત્રણ હજારથી વધુ અરજદારોને લાયસન્સ મળ્યા ન હતા. જો કે હવે તબક્કાવાર લાયસન્સ આપવાનું શરુ કરી દેવાયું હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

'ગ' માર્ગ પર સ્થિત રાજ્યની પ્રથમ હાઈટેક આર.ટી.ઓ. કચેરીનાં સોફટવેરમાં છાશવારે ખામી સર્જાતા અરજદારોને વાહન નોંધણી તેમજ લાયસન્સ સંબંધિત પ્રક્રિયા માટે પરેશાની ભોગવવી પડે છે. બીજી તરફ આર.ટી.ઓ. કચેરીમાં છેલ્લા કેટલાક સમયથી લાયસન્સ ઈશ્યુ કરવાની પ્રક્રિયા પણ અટવાઈ પડી હતી. અરજદારોએ ડ્રાઈવીંગ ટેસ્ટની કસોટી પાસ કર્યા પછી પણ તેમને લાયસન્સ મળ્યા નથી. સંબંધિત એજન્સી દ્વારા આર.ટી.ઓ. કચેરીને પ્લાસ્ટીકના કાર્ડ સપ્લાય ન થતા લાયસન્સ ઈશ્યુ કરવાની કામગીરી લાંબા સમયથી બંધ થઈ ગઈ હતી. આર.ટી.ઓ. સૂત્રોના જણાવ્યા મુજબ એજન્સી દ્વારા આ મામલે લાયસન્સ માટે પ્લાસ્ટીક કાર્ડ સપ્લાય થતા અગાઉના પેન્ડીંગ કેસ સંદર્ભે લાયસન્સ ઈશ્યુ કરવાની પ્રક્રિયા શરુ કરી દેવાઈ છે.

જો કે એજન્સી કક્ષાએથી તબક્કાવાર કાર્ડ અપાતા હજુ બધા અરજદારોને લાયસન્સ ઈશ્યુ થઈ શકયા નથી.

# જાણીતા એડવોકેટ અશ્વિનભાઈ ત્રિવેદી આંતરરાષ્ટ્રીય બ્રાહ્મણ સંસદમાં રાષ્ટ્રીય મંત્રી

ગાંધીનગર, તા.૩૦

આંતરરાષ્ટ્રીય બ્રાહ્મણ પાર્લામેન્ટ નવી દિલ્હીની કારોબારીમાં નગરના જાણીતા એડવોકેટ અશ્વિન ત્રિવેદીની રાષ્ટ્રીય મહામંત્રી તરીકે વરણી કરવામાં આવી છે.

રાષ્ટ્રીય પ્રમુખ સંતોષ શુકલાની અધ્યક્ષતામાં સંગઠનની રચના કરવામાં આવી છે. જે યુવા મહિલા તથા બાળકોના શિક્ષણ આરોગ્ય, સાંસ્કૃતિક, રાજકીય સંગઠન તથા વિદેશમાં વસતા બ્રાહ્મણો માટે સંગઠનનું કાર્ય કરશે.

હાલમાં યુ.કે., યુ.એસ.એ., ઓસ્ટ્રેલિયા, ન્યુઝિલેન્ડ, કેનેડા તથા મોરેશિયસમાં સંસ્થા કાર્યરત છે. સંસ્થાના કમિટિ મેમ્બર પેટર્ન તરીકે શીલા દિક્ષિત, રાજીવ શુકલા, મુરલી મનોહર જોષી અને કલરામ મિશ્રા તથા બ્રહ્મ સાંસદો સમાજના સંગઠનનું કામકાજ સંભાળી સલાહ આપે છે.

અગ્રણી એડવોકેટ અશ્વિન ત્રિવેદીની વરણીથી વકીલ આલમમાં અને બ્રહ્મ સમાજમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે. બાર એસો. રોટરી કલબ, બ્રહ્મ સમાજ અને કલ્ચરલ ફોરમમાં હાલ તેઓ સક્રિય સેવા આપે છે.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## જાહેર વિજ્ઞપ્તી

ગાંધીનગર શહેરના સેક્ટર-૧ થી ૩૦નાં વસાહતીઓને જણાવવાનું કે, ગાંધીનગર શહેરને ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા પૂરા પડાતા પાણી પુરવઠા યોજના એન સી ૧૪ હેઠળ નભોઈ હેડ વર્ક્સ ખાતે યાંત્રીક વિભાગની રીપેરીંગ કામગીરી તા. ૩૧-૭-૨૦૧૩ ના રોજ કરવાની થતી હોઇ તા. ૧-૮-૨૦૧૩ ના રોજ ગાંધીનગર શહેરને અપાતો પાણી પુરવઠો બંધ રહેશે. જેની ગાંધીનગર શહેરના વસાહતીઓએ નોંધ લેવા વિનંતી.

કાર્યપાલક ઇજનેર
પાટનગર યોજના વિભાગ નં.૩
ગાંધીનગર

## હાર્દિક અભિનંદન

શ્રી મહેન્દ્રસિંહ રાણા
મેયર
ગાંધીનગર મહાનગરપાલિકા

શ્રી કિરણપાલસિંહ ચૌહાણ
ઉપપ્રમુખ
ભાજપ, મેઘરજ તાલુકા

શ્રી સુભાષ પાંડવ
ડેપ્યુટી મેયર
ગાંધીનગર મહાનગરપાલિકા

આપની સાંબરકાંઠાના મેઘરજ તાલુકા ભાજપના ઉપપ્રમુખપદે થયેલ વરણીને અમો અંતરના ઉમળકાથી વધાવીએ છીએ. આપને અભિનંદન અને શુભેચ્છા પાઠવીએ છીએ.

લિ.

હંસાબેન મોદી (કાઉન્સીલર)
હરીશચંદ્ર કે. રાઠોડ (બાપુ)
(પ્રમુખ, સે. ૩૦ વસાહત મંડળ)
વિક્રમસિંહ પી. ચાવડા (વેંકાવાડા)
સજ્જનસિંહ એન. ચૌહાણ
(વરઠલી, તા. મેઘરજ)
ચંદ્રપાલસિંહ ડી. ચૌહાણ
(ગાંધીનગર)
ભરતસિંહ એસ. રાઠોડ
(ટાકાટુકા, તા. ભિલોડા)
કનુભાઈ બી. ભલવિદા (ગાંધીનગર)
જશ્વરભાઈ ભગોરા (ગાંધીનગર)

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com